## શોર્ટ ફિલ્મ .... બિગ ક્રેઝ





રવિવારે ચં.ચી.મહેતા ઓડિટોરિયમ ખાતે યોજાયેલ શોર્ટ ફિલ્મ ફેસ્ટિવલમાં નવોદિત દિગ્દર્શકોના સર્જનને દર્શકોએ બિરદાવ્યું હતું. -વિપુલ માને

# શોર્ટ ફિલ્મ ફેસ્ટિવલ : વામન વડોદરાનું અતિ વિરાટ ફલક

**સાદાઈ, ટેકનિક અને નવા વિચાર સાથે રજૂ થયેલ ફિલ્મ 'જોની શર્મા' વિજેતા જાહેર થઈ : ઓડિટોરિયમમાં ખીચોખીચ ભરેલ જનતાએ તમામ ફિલ્મોને વધાવી લીધી**

**ભાસ્કર ન્યૂઝ** | વડોદરા

કલાનગરી વડોદરાના યુવા ફિલ્મકારોને વિશાળ ફલક આપવાની નેમ સાથે રવિવારે ચં.ચી. મહેતા ઓડિટોરિયમ ખાતે આયોજિત 'હોટ શોટ્સ' શોર્ટ ફિલ્મ ફેસ્ટિવલ - કોમ્પિટિશનને બહોળો પ્રતિભાવ મળ્યો હતો. ખિચોખિચ ભરેલા ઓડિટોરિયમમાં ગુંજેલી તાળીઓએ યુવા દર્શકોને ભરપૂર પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. પાંચ મિનિટની ૨૪ ફિલ્મો પૈકી 'જોની શર્મા'ને વિજેતા ઘોષિત કરવામાં આવી હતી.

સ્પર્ધાના સમીક્ષક રાજીવ મસંદ માટે શ્રેષ્ઠ ફિલ્મ પસંદ કરવી ઘણી અઘરી થઇ પડી હતી. તેમના મતે ફેસ્ટિવલમાં મૂકાયેલી તમામ ફિલ્મો બેસ્ટ અને ગુડથી નીચી કક્ષાની તો નહોતી જ. ડોક્યુમેન્ટ્રી ફિલ્મો સાથે વર્ષોથી સંકળાયેલા ધીરુ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, 'એક જમાનો હતો કે જ્યારે ડોક્યુમેન્ટ્રી ફિલ્મો ૩૫ એમ એમના પડદાં પર પ્રદર્શિત કરવામાં આવતી, ત્યારે લોકો તેમાં સહેજ પણ રસ ધરાવતા ન હતા. પણ આ ફેસ્ટિવલમાં જે રીતે પૈસા ખર્ચીને લોકો આવ્યા હતા તે ખરેખર પ્રશંસનીય છે.'

'ડિપાર્ટેડ ટેન્ગો' નામની ફિલ્મ બનાવનાર વિનિત કનોજિયાએ આ ફિલ્મમાં સાધારણ વાતને નૃત્યના માધ્યમથી ખૂબ સારી રીતે પ્રદર્શિત કરી હતી. જ્યારે રવિ રાજપૂત દ્વારા દિગ્દર્શિત ફિલ્મ '૫ રોઝ'માં કોઈ મેસેજ કે કોઈ વાત ન લેતાં માત્ર એક ઘટનાનો ઉપયોગ ખૂબ સારી રીતે કરાયો હતો. '૫ કોઇન' નામની ફિલ્મ જેમાં પાત્રો નહીં પણ એક સિક્કાને હિરો બનાવવામાં આવ્યો હતો. તો 'લાઇફ ઇઝ બ્યુટિફૂલ'માં લોકોને મસ્ત સંગીત પીરસતાં રેડિયો જોકીના જીવનની વ્યથા દર્શાવાઈ હતી. વિજેતા ફિલ્મ 'જોની શર્મા' બે યુવાનોએ સાથે મળીને બનાવેલ આ ફિલ્મમાં ખરેખર સાદગી, ટેક્નિક, નવા વિચાર સાથે સુંદર સંકલન અને કેમેરા વર્ક જોવા મળ્યું હતું. જે અંગે વાત કરતાં દિગ્દર્શક દીપ તથા પરિતોષે જણાવ્યું હતું કે, 'અમે આ ક્ષેત્રમાં કોઈ વ્યવસાયિક તાલીમ લીધી નથી અને માનીએ છીએ કે જો આપણે તાલીમ લઈએ તો આપણે નિયમોમાં વધારે બંધાતા જઈએ છીએ. આપણને ગમે તે જ કરવું મહત્ત્વનું હોય છે.'



" મેં ૩૬થી વધારે ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી છે. પરંતુ તે જમાનામાં ૩૫ એમ.એમ.માં ફિલ્મ થિયેટરોમાં દર્શાવાતી હોવા છતાં લોકોને તે નિહાળવામાં બિલકુલ રસ પડતો ન હતો. જ્યારે આજે વડોદરામાં યોજાયેલ શોર્ટ ફિલ્મ ફેસ્ટિવલમાં લોકો પૈસા ખર્ચીને અન્ય શહેરોમાંથી આવ્યા છે એ આનંદજનક છે.

\- **ધીરુ મિસ્ત્રી**, ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર



" 'ખરેખર આ ફેસ્ટિવલ ખૂબ સારો હતો. મેં અમદાવાદમાં પણ બે ફેસ્ટિવલ જોયા છે પણ તે આવા ન હતા. અહીંના લોકોને ખરેખર બિરદાવવા રહ્યાં.

\- **મિહીર ઉપાધ્યાય**, અમદાવાદ



" 'આ સ્પર્ધાને કારણે ઉગતા કલાકારોને સારો મોકો મળ્યો છે. ખરેખર શોર્ટ ફિલ્મ એ પાંચ મિનિટમાં પોતાની રજૂઆત કરવાની સુંદર તક છે.'

\- **દીક્ષા સિંઘ**, રાજસ્થાન



" અમારા માટે પણ વડોદરાના કલાકારોને માણવાનો આ સારો મોકો હતો. વળી આવા કાર્યક્રમોને કારણે જ આપણી પાસે આટલી સારી પ્રતિભાઓ છે

\- **હેતવી દેસાઈ**, વડોદરા



" કલાનગરી વડોદરામાં અન્ય પરફોર્મિંગ આર્ટ્સની સાથે આ અભિનવ પ્રયાસ થયો એ આવકાર્ય છે. આવી પ્રવૃત્તિથી ઉગતા કલાકારોને પ્રોત્સાહન મળશે.

\- **જિતેન્દ્ર કર્વે**, વડોદરા